# : મુનાફિક :

મુનાફિકો જૂઠા હોય છે. જૂઠનો સહારો લીધા બગૈર તેઓને ચાલે નહીં. તેઓના કૌલો અમલમાં ઝમીન-આસમાન અને મશ્રિક-મગરિબ જેટલો ફર્ક હોય છે. જે કહે તે કરી ન બતાવે અને તેમાં તેઓ ફખર મેહસૂસ કરે છે. તેઓના દિલ કાલા હોવાના સબબ તેઓને દુનિયાના તમામ લોગો કાલા નઝર આવે છે. તેઓના દિલ લા દવા અને લા ઈલાજ મરઝો-બીમારીમાં મુબ્તેલા હોય છે જેની દવા કોઈ હકીમ કે તબીબ કરી શકે જ નહીં. એક મુનાફિકને બીજો મુનાફિક મીલે છે તો બેવે ઘણાં ખુશ થાય છે, કેમકે તેઓ બેવેના કાલા કર્તૂતોનો રાઝ એક બીજા જાણતા હોય છે. સાહબે દાઅવતની ખિલાફવર્ઝી અને દુશ્મની કરવાની હોય તો શહેરના કૂચે કૂચા અને ગલીઓનાં મુનાફિકો તેઓને અંદરોઅંદર ઈખ્તેલાફ અને નાઈત્તેફાકી હોવાને બાવુજૂદ એક થઈ જાય છે. નિફાકની કાલાશની કશીદગી મુનાફિકને સાહબે દાઅવતની નાફરમાની વાસ્તે તેને ઉભારે છે, જોશ વધારે છે, અને તેના સોહબતીઓ સાથે ખભેખભા મીલાવીને ગુમરાહીના કાલા કીચડમાં કૂદી પડે છે. તેને સાચી રાહ નઝર આવતી નથી. **દુનિયાની રવિશ અને રાહોરાવીની પરવા કીધા બગૈર કીનાખોરી, બગાવત, તાગૂતપના અને અદાવતની ગહેરી ખાઇમાં કૂદી પડે છે.** તે વક્ત તેને પોતાના એહલો અયાલનો ખયાલ તક આવતો નથી અને પોતાને આસપાસ બીજા લોગો પોતાના અને તાઅમીરે મિલ્લતમાં કામોમાં મશગૂલ થઈને કેવી ઝિંદગી બસર કરતા હોય છે, તેથી પણ તે સબકઆમોઝ થતા નથી. સાહબે દાઅવતનો નિફાક અને દુશ્મનીનાં દલદલમાં તે મુનાફિકોના પગો એટલા પૈવસ્ત થઈ ગયા હોય છે કે તખ્રીબે મિલ્લત અને મુમિનની બેઈઝઝતી વાસ્તે એડીચોટીનું ઝોર લગાવીને બદ અંજામ અને ફઝીહતી તેમજ બદનામીની પરવા કીધા બગૈર ઈન્સાનીયતનો લિબાસ ઉતારીને શૈતાનીયતની ચાલ અને મકરના કાલા લિબાસમાં હથિયાર બગૈરની જંગમાં ઉતરી પડે છે.

મુનાફિકો એટલા ડરપોક, બુઝદિલ અને નામર્દ હોય છે કે દુશ્મની પૂરી ન થતાં બીજાઓને હાથો બનાવીને પોતાની ભડાશ ઓકે છે અને હક્કના સાહબનો બાલ પણ વાંકો ન થતાં આખિરકાર પસ્તાઈને કોઈ ગલી કૂચામાં મગરના આઁસૂ જારી કરી રોવાનો ઢોંગ કરે છે. જે વક્ત માહૌલ હમવાર થઈ જાય છે તો પાછા ઉંદરો જેમ દરની ગેહરાઈમાં ઘૂસી જાય છે અને આમદે મોહર્રમ, આમદે શેહરૂલ્લાહ અને દાઅવતે હાદીયાહના અયવાનમાં મસર્રતો ફરહતનાં મૌકા પર તેઓ પાછા દરમાંથી નીકલે છે અને ગંદી નાલીઓમાં જેમ ઉંદરો ફિરે છે તેમ ગલીએ ગલીએ તેના હમ ખયાલ મુનાફિકોને જમાઅ કરી સાહબે દાઅવતને ખિલાફ બની ઉમય્યા અને બની અબ્બાસનાં ખલીફાઓની જેમ મક્કારી અને જાલસાઝીની ચાદર બિછાવીને મુખ્લિસ મુમેનીનને બહેકાવે છે, વરગલાવે છે અને લુત્ફઅંદોઝ થાય છે.

મુનાફિકોની ઝબાન અને દિલ અલગ હોય છે. **તેઓની "ના" માં "હાઁ" અને "હાઁ" માં "ના" હોય છે.** ચોરને ચોરી કરવાની શિખામણ આપે છે અને તેને પાછલ જ કોટવાલને ચોરને પકડવાની કાર્યવાહી કરવાનું કહે છે. તેઓના હથિયારના હાથાઓ એટલા નાના અને કમઝોર હોય છે કે બીજા પર વાર કરવા જાતા હથિયાર તેને જ વાગે છે અને હલાક થાય છે. તેઓનો મીસાક ગતકડું અને મીઆદ પોલમપોલ હોય છે. આજે આપણા સમાજમાં પણ આવા મુનાફિકીનનો વુજૂદ છે. મુનાફિકોને દરમિયાન દોસ્તી અને દુશ્મનીનો ફલસફો હોતો નથી. કોઈએ એક મુનાફિકને બીજા સાથે ખભેખભા મીલાવીને જો ચાલતો જોયો હોય તો ઘડી બે ઘડીમાં એક બીજા પર કીચડ અને ઈલ્ઝામ ઉછાલતાં શરમાતા નથી, અને સાહબે દાઅવત સાથે અગર દુશ્મની અને ઈન્તેકામની આગ કોઈ એક મુનાફિકના દિલમાં ભડકતી હોય તો બીજા મુનાફિક સાથે તેની ગમે એવી અનબન હોય પણ મુત્તફેકા મકસદને પાર પાડવા વાસ્તે ઘડી બે ઘડીમાં જ બંને હાથ મીલાવી દેતા હોય છે, અને સાહબે દાઅવતને ખિલાફ કીચડ ઉછાલવામાં કસર બાકી રાખતા નથી. મકસદ પાર પડી ગયા પછી ઉંદરોના જેમ પોતાના દરમાં ઘૂસી જાય છે.

દાઅવતની દુશ્મનીથી બાઝ મુનાફિકોના દિમાગ અને દિલમાં એટલો કાટ લાગી ગયો હોય છે કે દિલની ઓપન હાર્ટ સર્જરી સાથે ડોક્ટર એને ઓપન બ્રેઈન સર્જરી કરવાની સલાહ આપે છે. કેમકે તે ઈન્સાનીયતના તમામ ઉસૂલને ખિલાફ અને પોતાના વ્યવસાય અને પૈશાવરીને જે ઝૈબ આપે નહીં એવા અમલ કરતાં અચકાતા નથી અને જે કામ પટાવાલો ન કરે તે કામ કબ્રસ્તાનમાં હેન્ડબીલો વહેંચીને કરે છે. મુમેનીનને હવે આવા મુનાફિકોને ઓલખવાનો વક્ત આવી ગયો છે. તેઓનો રાઈ અને રહેનુમા દુનિયાનો મહા મક્કાર અને પેંતરાબાઝ છે. મુઠ્ઠીભર નિમરૂદ સિફત અને યઝીદસિફત તાકતો કૌમમાં ઈસ્લાહ અને ફલાહો બેહબૂદની વાત કરે છે. પણ જેઓ હિદાયત-હક્કપરસ્તી પર જ ન હોય તેઓ બીજાની ઈસ્લાહ અને હિદાયત શું કરવાનાં છે ! "અફમંય યહદી ઈલલ હક્કે અહક્કો અય યુત્તબઆ," જે હક્ક તરફ દાઅવત અને ઈઝન આપે તે જ ઈત્તેબાઅ કરવાને ઝિયાદહ હક્કદાર છે. મુનાફેકીન તો હક્કનાં રસ્તાને જ રોકી લે છે. **સદાકત, તહારત, વફાદારી, અમાનત, ઇતાઅત, લિયાકત, તબાઅત, ઝકાવત, ઇબાદત અને રિયાઝત જેવા અલ્ફાઝ તેઓની ડીક્ષનરીમાં મૌજૂદ હોતા નથી.** તેઓને તમે ઝીડકો કે ન ઝીડકો બરાબર છે. કેમકે અલ્લાહતઆલાએ તેઓના કાન અને દિલ પર મોહર લગાવી દીધી છે અને આઁખો પર પટ્ટી બાંધેલી છે, જેથી તેઓ સીધી રાહ જોઈ શકતા નથી. મુસ્તકબિલમાં ઈસ્લાહે કૌમ અને તાઅમીરે મિલ્લતનાં કામોનો કોઈ મન્સૂબો ન હોવાનાં સબબ ઓટલા પસંદ મુનાફિકો ઓટલા છાપ વાત સાંભલી અને કહી બેબુનિયાદ વાતો પર દારોમદાર બાંધી વક્તને ઝાયેઅ કરતા હોય છે અને તેઓના ઘરોમાં અહલોઅયાલની તાઅલીમો તરબીયત તેમજ વહેપાર-તિજારતની વાતને બદલે કૌમ અને મુમેનીનની ગીબતમાં કલાકો બીગાડે છે અને અયાનન-બયાનન જમાઅતનાં ખૈરખ્વાહો હોય એમ રિયાકારી અને ઢોંગ કરે છે. પણ બાતિનમાં તેઓના કૌલો અમલ અને અકીદાઓની બુનિયાદ ખોખલી હોય છે, ઈમાન બગૈર તે કમઝોર હોય છે. અમો તમામ મુમેનીન આ સિફતનાં મુનાફિકીનના જમાઅતમાં થતા ફિત્નાઓ ફસાદથી અલ્લાહની પનાહ માંગીએ છીએ. આમીન.... ★